NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડો. એચ. આર. શર્મા
વિસ્તરણ શિક્ષણ નિયામક

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરૂ ચાર રસ્તા, નવસારી-૩૯૬૪૫૦**
ફોન : ૦૨૬૩૭-૨૮૨૦૨૬, ૨૯૬૫૩૦
E-mail: dee@nau.in, Website: www.nau.in

**વંચાણ : તારીખ ૦૩/૧૨/૨૦૨૪ ના રોજ માનનીય કુલપતિશ્રી સાથે થયેલ ચર્ચાના આદેશાનુસાર**

## પરિપત્ર

**રવિ કૃષિ મહોત્સવ -૨૦૨૪ દરમ્યાન વ્યક્તિગત વાહનનો ઉપયોગ કરનાર વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રી ને માઈલેજ ભથ્થું આપવા બાબત...**

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે રાજ્ય સરકારશ્રી દ્વારા આયોજિત તા. ૦૬/૧૨/૨૦૨૪ થી તા. ૦૭/૧૨/૨૦૨૪ સુધી બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સીટીના કાર્યક્ષેત્રમાં આવતા દક્ષિણ ગુજરાતના સાત જીલ્લાઓ પૈકીના કુલ ૪૫ તાલુકામાં તાલુકા કક્ષાએ કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન સ્ટોલ ગોઠવવાની કામગીરી કરવાની થાય છે. આ કૃષિ મહોત્સવમાં તાલુકા કક્ષાના વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ સ્થળ ઉપર સમયસર પહોંચી શકે એ માટે યુનિવર્સીટી દ્વારા તાલુકા કક્ષાએ નિયુક્ત કરેલ વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ શક્ય હોય ત્યાં સુધી જે તે જીલ્લામાં આવતા મુખ્ય અને પેટા કેન્દ્રો તથા કેવિકેના વાહનોનો ઉપયોગ કરવો અને વાહનમાં થતો ડીઝલ-ઓઈલ વિગેરે ખર્ચ જે તે સંબંધિત કચેરીના બજેટ સદરમાં કરવાનો રહેશે. પરંતુ જે તે જીલ્લામાં યુનિવર્સીટીના વાહનોની સગવડતા અપૂરતી હોય એવા કિસ્સામાં તાલુકા કક્ષાએ ફાળવેલ ટીમના તાલુકા નોડલશ્રીએ જીલ્લા નોડલશ્રીની મંજૂરી લઈ તાલુકા કક્ષાએ કોઈપણ એકજ વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીના વ્યક્તિગત વાહનનો ઉપયોગ કરવાનો રહેશે અને માઈલેજ ભથ્થાનો ખર્ચ જે તે વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીની સંબંધિત કચેરીમાં કરવાનો રહેશે. વ્યક્તિગત વાહનનો ઉપયોગ કરનાર વૈજ્ઞાનિકશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ માઈલેજ ભથ્થાનો દર નાણા વિભાગ, ગુરાત સરકારના ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૨૦૧૨/૭૬૧/ચ, સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૨/૦૩/૨૦૨૨ (સામેલ) મુજબ આકારવાનો રહેશે. **આ પરિપત્રનો અમલ ફક્ત રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ માટેજ કરવાનો રહેશે.**

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી ૩/વેબ– ૯૬ /૨૦૨૪
**નવસારી તા. ૦૩/૧૨/૨૦૨૪**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૨૦૧૨/૭૬૧/ચ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૨૨/૦૩/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્ર. મસભ/૧૪૯૬/૭૯૬/જ, તા.૧૬/૧૨/૧૯૯૬

(૨) નાણા વિભાગનો ઠરાવ ક્ર. મસભ/૧૦૨૦૦૪/૧૦૩૩/ચ, તા.૧૬/૧૨/૨૦૦૪

(૩) નાણા વિભાગનો ઠરાવ ક્ર. મસભ/૧૦૨૦૧૨/૭૬૧/ચ, તા.૨૮/૬/૨૦૧૨

# //ઠરાવ//

પેટ્રોલ/ડિઝલ/સી.એન.જીના ભાવોમાં થયેલ વધારાને અનુલક્ષીને માઇલેજ ભથ્થાના પ્રવર્તમાન દરોમાં સુધારણા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે પ્રવર્તમાન માઇલેજ ભથ્થાના દર તથા સરકારી વાહનોના ખાનગી ઉપયોગ માટેના ભાડાના દર નીચે પ્રમાણે સુધારવાનું સરકારે નક્કી કરેલ છે.

૧. સરકારી કામ અર્થે પોતાનું/ભાડાનું કે ઉછીના વાહનમાં કરેલ મુસાફરી :

(અ) પ્રથમ અથવા દ્વિતીય વર્ગના સરકારી કર્મચારીઓ

| ક્રમ | વાહનનો પ્રકાર | માઇલેજ ભથ્થાનો દર |
|---|---|---|
| ૧ | મોટરકાર/જીપ વગેરે (પેટ્રોલ) | રૂ. ૧૧-૦૦ પ્રતિ કિ.મી. |
| ૨ | મોટરકાર/જીપ વગેરે (ડીઝલ) | રૂ. ૧૦-૦૦ પ્રતિ કિ.મી. |
| ૩ | મોટરકાર/જીપ વગેરે (સી.એન.જી.) | રૂ. ૬-૦૦ પ્રતિ કિ.મી. |
| ૪ | સ્કુટર/મોટર સાઇકલ | રૂ. ૨-૫૦ પ્રતિ કિ.મી. |
| ૫ | અન્ય પ્રકારના વાહનો | રૂ. ૨-૫૦ પ્રતિ કિ.મી. |

(બ) ત્રીજા અથવા ચોથા વર્ગના સરકારી કર્મચારીઓ

| | | |
|---|---|---|
| ૧ | સ્કુટર/મોટર સાઇકલ | રૂ. ૨-૫૦ પ્રતિ કિ.મી. |
| ૨ | અન્ય પ્રકારના વાહનો | રૂ. ૨-૫૦ પ્રતિ કિ.મી. |

(ક) ઉપર નિયત દરે પૂરેપૂરૂ માઇલેજ ભથ્થુ આકારવા માટે સરકારના સચિવો, સંયુક્ત સચિવ અને સંયુક્ત સચિવનું પગાર ધોરણ ધરાવતા ખાતાના વડા જેમનું કાર્યક્ષેત્ર આખુ રાજ્ય

હોય તો તેઓ ફરજ અંગેની મુસાફરી માટે પોતાની માલીકીની/ઉછીની/ભાડાની કારનો ઉપયોગ કરી શકશે. (ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૫૪(૧))

(ડ) ઉપર (ક) માં દર્શાવ્યા સિવાયના અધિકારી/કર્મચારીઓ પોતાની માલિકીના કે ઉછીના કે ભાડાના વાહન દ્વારા રેલ્વેથી સંકળાયેલ સ્થળો વચ્ચે ફરજ ઉપરની મુસાફરી કરે તો અધિકારી/કર્મચારી તેઓ હક્કદાર હોય તેવા તે માર્ગના રેલ્વેના ઉપલબ્ધ ઉચ્ચતમ વર્ગના ભાડાની મર્યાદામાં રોડ માઇલેજ ભથ્થુ મેળવવાને પાત્ર થશે. (ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૫૪(૨)). રેલ્વેથી સંકળાયેલ ન હોય તેવા સ્થળો વચ્ચે કર્મચારીઓ/અધિકારીઓ પોતાની માલીકીની/ઉછીની કે ભાડાની કાર દ્વારા મુસાફરી કરે તો તેવા કિસ્સામાં, રસ્તા મારફતે કરેલ મુસાફરીના ખરેખર કિલોમીટર માટે, રેલ્વેના કોષ્ટકમાં નિયત કરેલ કિ.મી. સામે દર્શાવેલ રેલ્વે ભાડાને ધ્યાને લઇ પાત્રતા મુજબનું રેલ્વે ભાડુ અથવા આ ઠરાવથી નિયત થયેલ દરો મુજબ ઉપયોગમાં લીધેલ વાહન માટે ખરેખર મળવાપાત્ર માઇલેજ ભથ્થુ એ બે પૈકી જે ઓછું હોય તે મેળવવાને પાત્ર થશે. (ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૫૪(૨)).

૨. <u>સરકારી અધિકારીઓને (જીલ્લા કલેક્ટરશ્રી તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી સહિતના) ભાડાના ધોરણે સરકારે પૂરા પાડેલા વાહનો દ્વારા ફરજ ઉપરની મુસાફરી માટે માઇલેજ ભથ્થાના દરો:-</u>

| | | |
|---|---|---|
| ૧ | પેટ્રોલ સંચાલીત વાહન | રૂ. ૯-૦૦ પ્રતિ કિ.મી. |
| ૨ | ડીઝલ સંચાલીત વાહન | રૂ. ૮-૦૦ પ્રતિ કિ.મી. |
| ૩ | સી.એન.જી. સંચાલીત વાહન | રૂ. ૫-૦૦ પ્રતિ કિ.મી. |

૨.૧ ગાંધીનગર, નર્મદા, નવસારી, પોરબંદર અને ડાંગના જીલ્લા કલેક્ટર/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મુસાફરી ભથ્થુ આકારવાની પ્રવર્તમાન માસિક મર્યાદા રૂ. ૫૬૦૦/- થી વધારીને રૂ. ૬૬૦૦/- નિયત કરવામાં આવે છે.

૨.૨ ઉપર પારા ૨.૧ માં જણાવેલ જીલ્લાઓ સિવાયના જીલ્લા કલેક્ટરો તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ માટે મુસાફરી ભથ્થુ આકારવાની પ્રવર્તમાન માસિક મર્યાદા રૂ. ૭૫૦૦/- થી વધારીને રૂ. ૮૫૦૦/- નિયત કરવામાં આવે છે.

૩. <u>ફરજ ઉપરની મુસાફરી દરમ્યાન માઇલેજ ભથ્થાનો દર:-</u>

સરકારી કર્મચારીઓને રાજ્યની અંદર તેમજ રાજ્યની બહાર નીચે દર્શાવેલ મુસાફરી માટે નીચે દર્શાવેલ દરે માઇલેજ ભથ્થુ મળવાપાત્ર થશે.

(ક) મુખ્ય મથક ખાતેના ફરજ પરના સ્થળ અથવા રહેઠાણથી રેલવે સ્ટેશન/એરપોર્ટ/બસ સ્ટેન્ડ સુધી અને પરત મુસાફરી.

(ખ) મુકામ (Camp) ખાતેના સ્થળ પર આગમન વખતે રેલવે સ્ટેશન/એરપોર્ટ/બસ સ્ટેન્ડથી રોકાણના સ્થળ અથવા ફરજ પરના સ્થળ સુધી તેમજ મુકામ ખાતેના સ્થળેથી નીકળવાના દિવસે રહેઠાણ રોકાણના સ્થળ અથવા ફરજ પરના સ્થળ પરથી રેલવે સ્ટેશન વગેરે સુધી.

(ગ) મુખ્ય મથક બહાર ફરજના સ્થળે, મુકામના સ્થળેથી ફરજના સ્થળ સુધીની મુસાફરી માટે દરરોજ એક વખત જવા માટે અને ફરજના સ્થળેથી મુકામના સ્થળે પરત આવવા માટે માઇલેજ ભથ્થુ મળવાપાત્ર થશે.

દિલ્હી તેમજ મુંબઇમાં કરેલી મુસાફરી માટે “દરરોજ એક વખત” ની શરત લાગુ પડશે નહીં.

(ઘ) મુકામના સ્થળે દિવસ દરમ્યાન ઉપર જણાવ્યા સિવાયની અન્ય મુસાફરી માટે માઇલેજ ભથ્થુ મળવાપાત્ર થશે નહીં.

(ચ) ઉપર જણાવેલ (ક) થી (ઘ) માં દર્શાવેલ મુસાફરી માટે માઇલેજ ભથ્થાનો દરઃ-

| ક્રમ | જેના દ્વારા મુસાફરી કરવામાં આવે તે વાહનનો પ્રકાર (પોતાનું/ભાડાનું/ઉછીનું) | માઇલેજ ભથ્થાનો દર |
|---|---|---|
| ક | પૂરી ટેક્ષી/ઓટો રીક્ષા | સબંધિત રાજ્ય સરકારો દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવતા દરો મુજબ |
| ખ | પોતાની કાર/જીપ(પેટ્રોલ) | રૂ. ૧૧-૦૦ પ્રતિ કિ.મી. |
| ગ | પોતાની કાર/જીપ(ડીઝલ) | રૂ. ૧૦-૦૦ પ્રતિ કિ.મી. |
| ઘ | પોતાની કાર(સી.એન.જી.) | રૂ. ૬-૦૦ પ્રતિ કિ.મી. |
| ચ | ઘોડાગાડી/સાયકલ રીક્ષા/પગ રીક્ષા | રૂ. ૪-૦૦ પ્રતિ કિ.મી. |
| છ | સ્કુટર/મોટર સાઇકલ રીક્ષા (બે પૈડાવાળા વાહનો) | રૂ. ૨-૫૦ પ્રતિ કિ.મી. |
| જ | જ્યારે ટેક્ષી/ઓટોરીક્ષા અને બીજા પ્રકારના વાહનોની મુસાફરી એકથી વધુ સરકારી કર્મચારીઓ દ્વારા વહેંચવામાં આવે અથવા સરકારી કર્મચારી ટેક્ષી/ઓટોરીક્ષામાં એક બેઠક લે ત્યારે મળવાપાત્ર માઇલેજ ભથ્થુ ઉપર જણાવેલ દરના ૫૦ ટકાની મર્યાદામાં વાહન ભાડે રાખ્યાના ખરેખર હિસ્સા પ્રમાણે મળવાપાત્ર થશે. | |
| ઝ | ઉપર મુજબનું માઇલેજ ભથ્થુ મેળવવા માટે સરકારી કર્મચારીઓએ સરકારની/ખાતાના વડાઓની પૂર્વ મંજુરી લેવાનું જરૂરી રહેશે નહીં. | |

૪. સરકારી વાહનોનો અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ અંગત/ખાનગી ઉપયોગ માટેના ભાડાના દર :

| | | |
|---|---|---|
| ક | મોટરકાર/જીપગાડી (પેટ્રોલ) | રૂ. ૧૨-૦૦ પ્રતિ કિ.મી. |
| ખ | મોટરકાર/જીપગાડી/મેટાડોર(ડીઝલ) | રૂ. ૧૦-૦૦ પ્રતિ કિ.મી. |
| ગ | મોટરકાર(સી.એન.જી.) | રૂ. ૬-૦૦ પ્રતિ કિ.મી. |
| ઘ | ખાનગી ઉપયોગ માટે ભાડે મેળવવામાં આવતા સરકારી વાહનના રોકાણના દર નીચે મુજબ રહેશે.<br>(૧) પ્રતિ કલાક કે તેના ભાગ માટે રૂ. ૮-૦૦<br>(૨) એક દિવસ માટે (૧૪ કલાક કે તેથી વધુ) રૂ. ૮૦-૦૦ | |
| ચ | સરકારી વાહનો, સરકારી કર્મચારીની વિનંતીને અનુલક્ષીને તેના ખાનગી ઉપયોગ માટે જ્યારે તે વાહનની સરકારી કામકાજ અર્થે જરૂરિયાત નહીં હોય ત્યારે જ ફાજલ પાડી શકાશે. | |

૫. બદલી વખતે મોટરકાર/સ્કુટર/મોટરસાઇકલ વગેરે રસ્તા માર્ગે પરિવહન કરવા અંગેનો માઇલેજ ભથ્થાનો દર :

| ક્રમ | વાહનનો પ્રકાર | માઇલેજ ભથ્થાનો દર |
|---|---|---|
| ક | મોટરકાર/જીપગાડી(પેટ્રોલ) | રૂ. ૧૦-૦૦ પ્રતિ કિ.મી. |
| ખ | મોટરકાર/જીપગાડી(ડીઝલ) | રૂ. ૯-૦૦ પ્રતિ કિ.મી. |
| ગ | મોટરકાર(સી.એન.જી.) | રૂ. ૬-૦૦ પ્રતિ કિ.મી. |
| ઘ | સ્કુટર/મોટર સાઇકલ | રૂ. ૨-૫૦ પ્રતિ કિ.મી. |
| ચ | જાહેર હિતમાં બદલી વખતે મોટરકાર/સ્કુટર/મોટર સાઇકલ રસ્તા માર્ગે પરિવહન કરવા અંગે કર્મચારીનો દાવો ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમોના નિયમ, ૧૦૨,૧૦૩, અને ૧૦૪ ની જોગવાઇ અનુસાર પેસેન્જર ટ્રેઇનના ભાડાની મર્યાદામાં મળવાપાત્ર થશે. | |

૬. આ હુકમનો અમલ ઠરાવની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશ પી. ધોળકીયા)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

પ્રતિ,

* માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન .મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન .વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા